


# પ્રાંતિજ ખાતે વરસાદી ઝાપટાએ પ્રિ-મોન્સુનની પોલ ખોલી

પ્રાંતિજ રેલ્વે સ્ટેશન ખાતે આવેલ શાંતિનાથ સોસાયટીમાં વરસાદી ઝાપટાએ નગરપાલિકાની પ્રિ.મોન્સુનની પોલ ખોલી છે. માત્ર અડધો ઈંચ વરસાદે રહીશોની ઉંઘ હરામ કરી દીધી છે, ત્યારે પાલિકાતંત્ર દ્વારા ઝડપથી કામગીરી હાથ ધરાય તેવી માંગ ઉઠવા પામી છે. પ્રાંતિજ ખાતે ગઈ રાત્રિએ પડેલા વરસાદી ઝાપટાએ શાંતિનાથ સોસાયટીના રહીશોની ઉંઘ હરામ કરી દીધી હતી. નગરપાલિકાની દર વર્ષની જેમ આ વર્ષે પણ પ્રિ.મોન્સુનની કામગીરી ઉપર સવાલો ઉઠયા છે અને પ્રિ.મોન્સુન પાછળ કરેલ ખર્ચ ઉપર પણ હાલતો પાણી ફરી વળ્યું છે. ત્યારે શાંતિનાથ સોસાયટીમાં માત્ર અડધો ઈંચ વરસાદમાં વરસાદી પાણી ભરાતા હાલ તો રહીશોની ઉંઘ હરામ થઈ ગઈ છે. આ વરસાદી પાણી છેક દિવાળી સુધી આમ જ ભરાઈ રહે છે અને સોસાયટીના મેઈન રોડ ઉપર આમ પાણી ભરાયેલું રહેતા રહીશોને અવરજવરમાં મુશ્કેલીઓ પડે છે. ત્યારે મચ્છરજન્ય રોગનો ભય પણ સતાવે છે. શાંતિનાથ સોસાયટીના રહીશો દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી અનેકવાર રજુઆતો કરવામાં આવી છે છતાંય પાલિકા દ્વારા આ રહીશોની સામે આજદિન સુધી હજુએ જોયું નથી ત્યારે હવે જોવું એ રહ્યું કે પ્રાંતિજ નગરપાલિકા આ રહીશોના વ્હારે આવશે કે કેમ કે પછી હોતા હે ચલતા હે તે તો આવનારા દિવસોમાં જ ખબર પડશે ત્યારે હાલ તો ચોમાસુ આવતા જ શાંતિનાથ સોસાયટીના રહીશોમાં ચિંતામા વધારો થયો છે.

# કાંકરેજ તાલુકાના ચેખલાથી સમણવા રોડ પર આવેલ એક ખેતરમાંથી જુગાર ધામ ઝડપાયું

કાંકરેજ, તા. ૪

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી ખાતે પીએસઆઈ એસ.વી. આહીર આવતાં જ દારૂ-જુગાર પર રોક લગાવવા માટે લાલ આંખ કરતાં આવા લોકોમાં ફફડાટ ફેલાયો છે અને એસ.વી. આહીર ખુબજ લોકપ્રિય બનીને કામગીરી માટે સતત પ્રયત્નશીલ રહે છે. ત્યારે કાંકરેજ તાલુકાના ચેખલાથી સમણવા રોડ ઉપર આવેલા એક ખેતરમાં પોતાના અંગત ફાયદા માટે હાર જીતનો જુગાર રમતા હોવાની માહિતી શિહોરી પોલીસને જાણ થતાં જ પોલીસ દ્વારા રેડ પાડી હતી જેમાં રોકડ રકમ ૧૦૭૦૦ તેમજ ૩ મોબાઈલ ફોન મળીને કુલ.૧૩૭૦૦ના મુદ્દામાલ સાથે પાંચ લોકોની ધરપકડ કરી હતી ત્યારે ચાર લોકો પોલીસને જોઈ નાશી ગયા હતા. શિહોરી પોલીસ દ્વારા બનાસકાંઠા જિલ્લાના કલેક્ટરના જાહેરનામા મુજબ કાર્યવાહી કરવામાં આવે છે અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ હેઠળ ગુનેગારો સામે કડક પગલાં ભરવામાં આવે છે ત્યારે ઈપિકો કલમ ૧૮૮,૨૬૯ તેમજ જુગારધારા કલમ.૧૨ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી જેમાં સનેષ ચંદુલાલ લોધા રે. સમણવા, વિપુલ રમેશભાઈ લોધા રે. સમણવા, ઠાકોર ચંદુજી વીરચંદ જી.રે. વડા, દિનેશ નારસંગજી ઠાકોર રે. ચેખલા, તાલુકો કાંકરેજ, દશરથજી રમાજી રે. ચેખલાની ધરપકડ કરવામાં આવી હતી અને મહેશ પ્રહલાદજી ઠાકોર રે. ચેખલા, ભરત ભવાનજી રે. ચેખલા, કનાજી અભુજી રે. ચેખલા, પ્રહલાદજી વખતાજી ઠાકોર રહે. ચેખલા તાલુકો કાંકરેજ આ ચાર લોકો નજર ચૂકવી નાશી ગયા હતા. અત્યારે વિશ્વ કોરોના વાઈરસની મહામારી વચ્ચે એક બીજાને કોરોના વાઈરસનો ચેપ લાગે એવી રીતે ગોળ કુંડાળું વળીને એકબીજા સાથે મળીને ભેગા મળીને જિલ્લા કલેકટર બનાસકાંઠાના જાહેરનામાનો ભંગ બદલ ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ત્યારે હવે દારૂ જુગાર પર રોક લગાવવામાં પોલીસ દ્વારા લાલ આંખ કરતાં આવા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.



# સાબરકાંઠામાં સ્ટેમ્પ વેન્ડરોના પરવાના રીન્યુ ન થતા મુશ્કેલી, સ્ટેમ્પ ખરીદવા જતી પ્રજાને ધરમધક્કા

## તંત્રની લાચારી ઈ-સ્ટેમ્પ પધ્ધતી અમલી બનતા અધિકારીઓ અસમંજસમાં

હિંમતનગર, તા. ૪

સાબરકાંઠા જિલ્લામાં સરકારી તથા બેંકીંગ સહીતની તમામ કામગીરી સ્ટેમ્પ અને સરકારી ટીકીટનો ઉપયોગ અનિવાર્ય છે ત્યારે કોરોના વાયરસને લીધે સરકારે લાદેલા લોકડાઉનને કારણે સાબરકાંઠા જિલ્લાના અંદાજે ૫૦ થી વધુ સ્ટેમ્પ વેન્ડરોના પરવાના રીન્યુ ન થતા તેઓ અત્યારે બેકારીની હાલતમાં દિવસો પસાર કરી રહ્યા છે. અને સ્ટેમ્પ અને ટીકીટની અછતને કારણે સામાન્ય નાગરીકના કામો અટકી પડ્યા છે. જોકે ઈ-સ્ટેમ્પીંગ પધ્ધતી અમલી બની હોવાને કારણે સક્ષમ અધિકારીઓ પણ અસમંજસમાં મુકાઈ ગયા છે. આ અંગે હિંમતનગર કલેક્ટર કચેરીની આસપાસ સ્ટેમ્પ વેન્ડરની કામગીરી કરતા ૨૧ થી વધુ સ્ટેમ્પ વેન્ડરોએ નામ ન આપવાની શરતે કોરોના વાયરસની અસરો તથા સરકારે લાદેલા લોકડાઉનને લીધે સરકારના તમામ વિભાગો મોટેભાગે આરોગ્ય વિષયક સેવાઓ પુરી પાડવામાં લાગી ગયા હતા.




જોકે સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર સહિત પ્રાંતિજ, તલોદ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગર સહિતના મોટા સેન્ટરો પર સરકાર પાસેથી સરકારી ટીકીટ તથા નાણાકીય લેવડદેવડ માટે રોજબરોજ વપરાતી રેવન્યુ ટીકીટનો ઉપયોગ વધુ થાય છે પરંતુ સરકારે આ સ્ટેપ વેડરોના તા. ૩૧ માર્ચ ૨૦૨૦ ના રોજ તેમની મુદત પુરી થતી હોવાને કારણે ફરીથી પરવાના તાજા કરાવવાનો નિયમ છે. પરંતુ લોકડાઉનને લીધે હિંમતનગર સહિત જિલ્લાના અન્ય સ્થળે રહેતા આ સ્ટેમ્પ વેન્ડરોના પરવાના રીન્યુ થયા નથી જેના લીધે તેમને ટ્રેજરી વિભાગમાંથી કોઈ સરકારી ટીકીટ મળી શકતી નથી જેના લીધે આમ પ્રજા મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે અને તેમના રોજીંદા કામો અટકી પડ્યા છે. તો બીજી તરફ સરકારે સ્ટેમ્પ વેન્ડરોના વ્યવસાય પર તરાપ મારી હોય તેમ લાગી રહ્યુ છે અને થોડા મહિના અગાઉ બેંકો તથા અન્ય સરકારી વિભાગોને ઈ-સ્ટેમ્પીંગની પરવાનગી આપીને પેપરલેસ પધ્ધતી અપનાવી છે. જોકે ભૂતકાળમાં બનાવટી સ્ટેમ્પ અને ટીકીટોના બે નંબરી વેચાણને કારણે સરકાને કરોડો રૂપીયાનું નુકશાન વેઠવુ પડ્યું હતું.

હાલ તો ઈ-સ્ટેમ્પીંગ અને ફ્રેકીંગને કારણે દસ્તાવેજોનું કામ શરૂ થઈ ગયુ છે અને તેના લીધે સ્ટેમ્પ ડ્યુટી તથા ઈધરામાં અરજદારોની અવરજવર શરૂ થઈ ગઈ છે જેના લીધે લોકોના અટકેલા કામો પુરા થઈ રહ્યા છે. સ્ટેમ્પ ધારકોનું કહેવુ છે કે અમે ઈ-સ્ટેમ્પીંગ પધ્ધતીનો વિરોધ કરતા નથી પરંતુ ગામડાઓમાં અને અન્ય સ્થળે રહેતા અબુધ લોકોને સરકારી કામ માટે સરકારી ટીકીટની જરૂર હોય છે અને તેની કિંમત પણ મામુલી છે તેથી સરકારે સ્ટેમ્પ વેન્ડરોના પરવાના સત્વરે રીન્યુ કરવા જોઈએ અને તેમાં જેટલુ મોડુ થશે તેટલી સરકારને આવકમાં ખોટ જશે જેથી સક્ષમ અધિકારીઓએ ઘટતી કાર્યવાહી કરવી જોઈએ.

### સક્ષમ અધિકારી શું કહે છે ?

સાબરકાંઠા જિલ્લામાં સ્ટેમ્પ વેન્ડર તરીકેના પરવાના ધરાવતા સ્ટેમ્પ વેન્ડરોના લાયસન્સની મુદત ગત ૩૧ માર્ચના રોજ પૂર્ણ થઈ ગઈ છે . જોકે સરકારે ઈ-સ્ટેમ્પીંગ પધ્ધતી અમલી બનાવવા પર વધુ ભાર મુક્યો છે અને તાજેતરમાં રાજ્ય સરકારે ઈ- સ્ટેમ્પીંગ લાયસન્સ ધરાવતા લાયસન્સદારોના લાયસન્સ રીન્યુ કરવા માટે પ્રાંત કચેરીને પરીપત્ર મોકલ્યા છે પરંતુ તેમાં જુના સ્ટેમ્પ વેન્ડરોના લાયસન્સ કેવી રીતે રીન્યુ કરવા તે અંગે કોઈ ઉલ્લેખ નથી તેમ છતા હિંમતનગરના પ્રાંત ઓફીસર ચૌધરીએ નિયમ મુજબ ઉચ્ચકક્ષાના અધિકારીઓનું માર્ગદર્શન માગ્યું છે અને ઉચ્ચ અધિકારીઓને સુચના બાદ સ્ટેમ્પ વેન્ડરોની લાગણી અને માગણીને ધ્યાનમાં રાખી ઘટતી કાર્યવાહી કરવામાં આવશે.



## પરવઠ ગામમાં કરીયાણાની કીટનું વિતરણ

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના પરવઠ ગામમાં કરીયાણાની કીટનું વિતરણ કરાતા જરૂરીયાતમંદ પરીવારોમાં આનંદની લાગણી પ્રસરી હતી. પરવઠ ગામના વાદી ફળીયામાં એક યુવકને કોરોના વાઈરસ રીપોર્ટ પોઝીટીવ આવ્યો હતો ત્યારે આજુબાજુના ૧૨ કુંટુબોને હોમ કોરોન્ટાઈન કર્યા હતા. જરૂરીયાતમંદ પરીવારો આર્થિક સંકડામણ ન અનુભવે તેવા આશયથી લોટ, તેલ, મરચુ,શાકભાજી સહિતની કરીયાણાની વિવિધ ચીજવસ્તુઓ ગ્રામજનો ધ્વારા અપાઈ હતી. પરવઠ ગ્રામ પંચાયત તલાટી કમ મંત્રી દિલીપભાઈ પંચાલ, સરપંચ સરલાબેન નિનામા, પુર્વ સરપંચ ધનજીભાઈ નિનામા, જયંતીભાઈ કોટવાલ ધ્વારા કરીયાણાની કીટનું વિતરણ કરાયું હતું. વાદી ફળીયાના પરીવારોને કરીયાણાની કીટનું વિતરણ કરાયું હતું.

# પાલનપુરના મફતપુરામાં ત્રીસ વર્ષથી વરસાદી પાણીના નિકાલનો પ્રશ્ન યથાવત

પાલનપુર નગરપાલિકા દ્વારા વરસાદી પાણીના નિકાલ માટે વિવિધ વિસ્તારોમાં પાઈપ લાઈન નાંખવામાં આવી છે. જોકે, મફતપુરા વિસ્તારમાં ત્રીસ વર્ષથી હજુસુધી આ અંગે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. પરિણામે ચોમાસામાં લોકોના ઘરોમાં પાણી ઘુસી જાય છે. સમગ્ર વિસ્તાર બેટમાં ફેરવાઈ જાય છે. આ પ્રશ્નનો ઉકેલ સત્વરે લાવવાની માંગ સાથે બુધવારે સ્થાનિક રહીશો પાલિકામાં ઘસી જતાં ભારે ઉત્તેજના પ્રસરી ગઈ હતી. પાલનપુર નગર પાલિકા દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે વરસાદી પાણીના નિકાલ માટે પાઈપાઈનો નાંખવામાં આવી છે. શહેરના મફતપુરા વિસ્તારના લોકો સાથે પાલિકા દ્વારા જાણે ઓરમાયું વર્તન કરવામાં આવતું હોય તેમ ત્રીસ વર્ષથી હજુસુધી આ અંગે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. પરિણામે ચોમાસામાં લોકોના ઘરોમાં પાણી ઘુસી જાય છે. સમગ્ર વિસ્તાર બેટમાં ફેરવાઈ જાય છે. આ પ્રશ્નનો ઉકેલ સત્વરે લાવવાની માંગ સાથે બુધવારે સ્થાનિક રહીશો પાલિકામાં ઘસી જતાં ઉત્તેજના પ્રસરી ગઈ હતી. મઝહર એચ. કુરેશીએ જણાવ્યું, વિસ્તારમાં પૂર્વ અને પશ્ચિમ બંને દિશામાં સીસીરોડ બની જતાં વચ્ચેનો વિસ્તાર ઉંડો બની ગયો છે. પરિણામે ભારે વરસાદ પડે તો સમગ્ર વિસ્તાર બેટમાં ફેરવાઈ જાય છે અનેક ઝૂંપડાઓમાં અનાજ, ઘરવખરી-કપડાને નૂકશાન થાય છે. સમસ્યા છેલ્લા ત્રીસ વર્ષથી છે. અગાઉ પણ તંત્રને લેખિત-મૌખિક જાણ કરવામાં આવી છે. પરંતુ કોઈ જ ઉકેલ આવતો નથી.



## ભિલોડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં કરીયાણાની કીટનું વિતરણ

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કરીયાણાની કીટનું વિતરણ કરાયું હતું. જરૂરીયાતમંદ પરીવારોમાં આનંદની લાગણી પ્રસરી હતી. અંધજન મંડળ, અમદાવાદ સંચાલિત સમતા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટના વિશેષ સહયોગથી ઉદય સેવા સંસ્થાન, ભિલોડા ધ્વારા ભેટાલી, વસાઈ, ગુલાબપુરા સહિત આજુ-બાજુના ગ્રામ્ય વિસ્તારોના દિવ્યાંગજનોને કરીયાણું અને આરોગ્ય સામગ્રીની કીટનું વિતરણ કરાયું હતું.

# સાબરકાંઠામાં પ્રજા લૂંટાય છે છતા તંત્ર તમાશો જુએ છે

## અનલોક દરમિયાન કોરોનાના નામે તમામ ચીજવસ્તુઓના ભાવમાં વેપારીઓએ વધારો ઝીક્યો : પ્રતિબંધિત ચીજવસ્તુઓનું ખુલ્લેઆમ વેચાણ નિયમોની ઐસીતૈસી

સાબરકાંઠા જિલ્લામાં ચાર લોકડાઉનને અંતે સરકારે તા.૧ જુનથી અનલોક જાહેર કરીને ઘરોમાં પુરાઈ રહેલી પ્રજાને કેટલાક નિયમોને આધિન બહાર નિકળવાની છુટ આપી છે. જેના લીધે જરૂરીયાત લોકો બજારમાં ખરીદી કરવા આવી રહ્યા છે. પરંતુ લોકડાઉનના બહાને મોટાભાગના તમામ વેપારીઓએ ચીજવસ્તુઓના ભાવમાં દસ ટાકાથી વધુનો વધારો ઝીકીને પ્રજાની ઉઘાડી લૂંટ શરૂ કરી છે તેમ છતા સરકારના નિયંત્રણમાં આવતા આ વેપારીઓને તોલમાપ તથા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓની રહેમ નજરથી વેપારીઓને જલસા પડી ગયા છે. જો વેપારીઓની આ મનમાની બંધ નહી કરાય તો દીવાળીના તહેવારો પ્રજા માટે હોળી બની જશે.

હિંમતનગર સહિત જિલ્લાના તમામ સ્થળે બજારો રાબેતા મુજબ શરૂ થઈ ગયા છે જોકે લોકડાઉન દરમિયાન અનેક વેપારીઓએ પ્રજાની ગરજનો લાભ લઈને પાન મસાલા સહિત ગુટકા અને જીવન જરૂરીયાતની તમામ ચીજવસ્તુઓમાં ભાવો ડબલ કરીને લૂંટ ચલાવવામાં જરાપણ કસર છોડી ન હતી. દરમિયાન હવે સાબરકાંઠા અનલોકની વ્યાખ્યામાં આવતુ હોવાને લીધે રોજીંદી જરૂરીયાત માટે પ્રજા ખરીદી કરવા જાય છે ત્યારે વેપારી તમામ ચીજવસ્તુઓના ભાવમાં ભાવો વધારીને ગ્રાહકોને ગરજવાન બનાવે છે. તેમ છતા બીચારો ગ્રાહક ઓછાવત્તા પ્રમાણમાં જે ચીજની જરૂર હોય તે વધુ ભાવ આપીને કમને ખરીદી કરે છે. જોકે તેની ગુણવત્તાની કોઈ વેપારી ખાત્રી આપતા નથી. હાલ બજારોમાં ઠંડા પીણા અને આઈસ્ક્રીમ સહિત કેકનું ધુમ વેચાણ થઈ રહ્યું છે પરંતુ મોટાભાગના ગ્રાહકોને આ નાશ્વત ચીજવસ્તુઓની પ્રોડકશનની તારીખ ખબર નથી છતા જીભના ચટકા માટે જીવની પરવાહ કર્યા વિના હોંશે હોંશે આરોગી રહ્યા છે.

તો બીજી તરફ શાકભાજી અને ફળફળાદીના ભાવોમાં પણ વધારો ઝીંકાઈ ગયો છે. તેમ છતા તોલમાપ વિભાગના અધિકારીઓ કોઈપણ જાતની તપાસ કરવામાં માનતા નથી હાલ બજારોમાં જે લારીઓવાળાઓ તથા વેપારીઓ વજનકાંટા અને કાટલા રીન્યુ ન કરાવ્યા હોવા છતા તેના થકી વેપાર કરીને ગ્રાહકોને ઓછુ વજન આપીને ડબલ લૂંટ ચલાવી રહ્યા છે. તેવુ જ કઈક ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગમાં પણ ચાલી રહ્યું તેમની રહેમ નજર હોવાથી બજારોમાં અનેક મહિનાઓ જુની ચીજવસ્તુઓ મનફાવે તેવા ભાવ લઈને વેપારીઓ પ્રજાને પધરાવી રહ્યા છે. પ્રજા જાણતી હોવા છતા લૂંટાઈ રહી છે જેથી જિલ્લાના ઉચ્ચ અધિકારીઓએ ફુડ એન્ડ ડ્રગ્સ તથા તોલ માપ વિભાગના કર્મચરીઓ અને અધિકારીઓની કામગીરીનો અહેવાલ મંગાવીને ગુપ્ત રાહે તપાસ કરવાની જરૂર છે જો ખરેખર ઉચ્ચ અધિકારીઓ નિષ્ઠાવાન અને પ્રમાણીક હોવાનો દાવો કરતા હોય તો જિલ્લાની પ્રજાને લૂંટતી બચાવવાની તેમની જવાબદારી છે બાકી તો પ્રજાના રોષનું કોને અને ક્યારે ભોગ બનવુ પડશે.

# હસનનગર-પરબડા રોડ પરથી સાત પશુ ભરેલુ ડાલુ પકડાયુ

હિંમતનગર, તા. ૪

હિંમતનગરના ન્યાય મંદિર વિસ્તાર નજીક આવેલ હસનનગર-પરબડા રોડ પરથી બી-ડીવીઝન પોલીસે બાતમીને આધારે ગુરૂવારે ગેરકાયદે પીકઅપ ડાલામાં ભરીને લઈ જવાતા સાત પશુઓ સાથે મોડાસાના બે શબ્સોની અટકાયત કરી પશુ અત્યાચાર નિવારણ ધારા અંતર્ગત બંને શખ્સો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ અંગે બી-ડીવીઝન પોલીસના સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર તેમનો સ્ટાફ ગુરૂવારે પેટ્રોલીંગમાં હતો ત્યારે તેમને એવી બાતમી મળી હતી કે પરબડા તરફથી હિંમતનગર તરફ એક સફેદ કલરના પીકઅપ ડાલામાં ગેરકાયદે રીતે સાત પશુઓને હકડેઠઠ તથા પાણી અને ઘાસચારાની સગવડ વિના તેમને હિંમતનગર તરફ લવાઈ રહ્યા હોવાની બાતમીને આધારે પોલીસે વાહન ચેકીંગ શરૂ કર્યુ હતું. દરમિયાન અહીંથી પસાર થઈ રહેલ પીકઅપ ડાલા નં.જીજે.૧. ડી. ઝેડ.૦૦૦૫ ને ઉભુ રાખી તપાસ કરતા તેમાંથી રૂા. ૪૫ હજારની કિંમતની ૩ ભેંસો, ૩.૨ હજારનો એક પાડો તથા રૂા. ૪ હજારના બે પાડા અને રૂા. ૩ હજારની એક પાડી એમ મળી અંદાજે રૂા.૫૪ હજારના પશુઓને કોઈપણ સગવડ વિના પીકઅપ ડાલામાં લઈ જવાઈ રહ્યા હતા.